# પ્રેમની દિશામાં. . .

## ~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ

પ્રેમની દિશામાં. . .

આવી જ રીતે તમે અંતરમાં સ્થિર રહી શકશો અને શાલીનતાથી જીવનમાં ગતિશીલ રહી શકશો. જે માર્ગ પાછળ રહી ગયો છે, બની શકે તે સ્પષ્ટ રહ્યો હોય કે ધૂંધળો રહ્યો હોય. અને બની શકે કે ભવિષ્યમાં પણ આવું જ રહે. તમારા માર્ગ વિશે તમારો દૃષ્ટિકોણ એ રંગમાં રંગાયેલો હોય છે કે તમે તેનો સામનો કેવી રીતે કરી રહ્યા છો અથવા કેવી રીતે નથી કરી રહ્યા — ભલે તે માર્ગ ચઢાણવાળો દેખાઈ રહ્યો હોય કે ઢોળાવવાળો, ભલે તે સીધો દેખાઈ રહ્યો હોય કે વાંકોચૂંકો, ભલે તમારું ગંતવ્ય સ્થાન પાસે લાગતું હોય કે ઘણું, ઘણું દૂર. પરંતુ શું તમારો મૂળભૂત વિશ્વાસ એ નથી રહ્યો કે “પ્રેમ છે”? જો હા, તો આ સંકલ્પ ધારણ કરો, “મારે પ્રેમની દિશામાં આગળ વધતા જ રહેવું પડશે જેથી હું મારા માટે અને બીજાં લોકો માટે પ્રેમની જ્યોતને હંમેશાં તેજસ્વિતાથી ઝગમગતી રાખી શકું.” તમારા અંતરમાં આ બીજને રોપી દો : *પ્રેમ અવિનાશી છે.*

~ ગુરુમાઈ

© ૨૦૨૪ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.